# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : ગુરુવાર, ૧૯ ડિસેમ્બર ૨૦૧૯ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

૧૧ ડિસેમ્બર, ૨૦૧૯

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા ગુરૂવાર તા. ૧૯-૧૨-૨૦૧૯ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

## : એજન્ડા :

| I | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૨૭-૧૧-૨૦૧૯ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૦ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન) | ૧૧ |
| | | ૨.૨ ૧૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૧ થી ૧૨ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૨ |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૩ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૩ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૪ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્કુટિનીની સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. | |
| | ૫. | સ્કુટિની સમિતિએ ગુજરાત ચેમ્બરના મેમ્બરશીપમાં નવા પ્રતિનિધિના નામમાં ફેરફારની અરજી સામે ચાર્જ લેવા બાબતની કરેલ ભલામણ અંગે ચર્ચા કરી નિર્ણય કરવા બાબત. | |
| | ૬. | વર્ષ-૧૯૯૯-૨૦૦૦માં તે સમયના ચીફ એકાઉન્ટ શ્રી નવનીતભાઇ ગાંધીએ આર્થિક ઉચાપત કરેલ તેનો કેસ ચાલુ છે અને તે મૃત્યુ પામેલ છે. ગુજરાત ચેમ્બરની તા. ૨૨-૬-૨૦૧૯ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભામાં તેમના બાકી નિકળતા લેણાં માંડવાળ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. આ ધ્યાને રાખતા તેમની સામેનો કેસ પરત ખેંચવા અંગેનો નિર્ણય કરવા બાબત. | |
| | ૭. | ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા સલ્ફર ડાયોક્સાઇડના ઉત્સર્જનને નિયંત્રણ કરવા ફરજીયાત વોટર સ્કબર લગાવવાનો નિયમ બહાર પાડવામાં આવેલ છે. જે કોઇ ઔદ્યોગિક એકમો સોલીડ ફયુઅલ વાપરતા હોય તેને આ નિયમ લાગુ પડશે, તે માટે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા. | ઇ-મેઇલ |
| | ૮. | જીએસટીના કાયદામાં આવેલ સુધારા પ્રમાણે ૨૦% ઇનપુટ ટેક્ષ ક્રેડીટની લીમીટ કરવામાં આવેલી છે અને તેના અનુસંધાનમાં વ્યાપાર જગતમાં સંભવિત નાણાંકીય ભીડ આવનાર હોઇ તે બાબતે ચર્ચા કરવા. | ઇ-મેઇલ |
| | ૯. | કેમીકલ વિભાગ દ્વારા (૧) ફીનોલ/એસીટોન (૨) કોસ્ટીક સોડા, (૩) ફેટી આલ્કોહોલ/એસીડ ના ઇમ્પોર્ટને રીસ્ટ્રીકટેડ કેટેગરીમાં મુકવા બાબતે ચર્ચા કરવા. | ઇ-મેઇલ |

| | | | |
|---|---|---|---|
| | ૧૦. | જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે ચર્ચા કરવા અને આ અંગે જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસન સાથે કરવામાં આવેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની જાણ કરવા. | ઇ-મેઇલ |
| | ૧૧. | ગુજરાત ચેમ્બર દ્વારા આગામી સમયમાં નીચે જણાવેલ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મિટિંગ અથવા ઓપન હાઉસનું આયોજન કરવામાં આવનાર છે તો તે અંગે વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની ચર્ચા કરવા.<br>• રેલ્વે<br>• અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન<br>• જીએસટી<br>• ઇન્કમટેક્ષ<br>• પોલીસ અને ટ્રાફીક પોલીસ<br>• ઇન્સ્યોરન્સ અને પી.એફ. | ઇ-મેઇલ |
| | ૧૨. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૧૩. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૬/૨૦૧૯-૨૦
તારીખ : ૨૭-૧૧-૨૦૧૯
સ્થળ : શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

- ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી દિલીપભાઇ પરીખનું તા. ૨૭-૧૦-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ તેમનો શોક પ્રસ્તાવ મોકલી આપવામાં આવ્યો છે તેમ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.
- સભામાં સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપ્યો છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૪ તા. ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન તથા વીઝા રેકમન્ડેશન લેટર્સ અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- આ અનુસંધાને તા. ૧૫ નવેમ્બ૪, ૨૦૧૯ના રોજ ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા DICGC ના વીમા કવચને વધારવા અંગેની વિચારણા ચાલી રહી છે તેવી જાહેરાત પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવી.
- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૩.૨ • પ્રમુખશ્રીએ તા. ૧૫ ઓક્ટોબર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

**આઇટેમ નં. ૪**

➢ તા. ૨૫-૧૧-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે આ મિટિંગમાં નવા સભ્યો અંગે કુલ-૭ અરજીઓ આવી હતી જે તમામ ૭ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જેને કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરવામાં આવી હતી, જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કેટેગરીમાં ફેરફાર અંગે કુલ-૧૩ અરજીઓ મળી હતી જે તમામ ૧૩ અરજીઓને મંજુર કરવામાં આવી હતી.

  ➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૨**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૫-૧૧-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં મંજુર કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૭ અરજીઓ મળી હતી જે એનેક્ષર-બી મુજબ તમામ અરજીઓને મંજુર કરવામાં આવે છે, જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૧૩ અરજીઓ મળી હતી તે તમામ ૧૩ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવી છે.

➢ શ્રી સંજીવ છાજરે સ્ક્રુટિની સમિતિમા નવા પ્રતિનિધિના નામમાં ફેરફાર માટે અરજી આવે તો તે પેટે રૂ.૧૦૦/- ચાર્જ લેવા તેવી ભલામણ કરી છે પરંતુ આ બાબતે ચેમ્બરના હોદ્દેદારોમાં કોઇ ચર્ચા થઇ નથી તો તે ચર્ચા કર્યા બાદ કારોબારી સમિતિમાં મુકવામાં આવશે તેમ જણાવ્યું હતું.

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરની અસાધારણ સામાન્ય સભામાં બિઝનેસ વિમેન વિંગને લગતા બંધારણના સુધારા પાસ કરવામાં આવ્યા હતા અને તે અનુસંધાને બિઝનેસ વિમેન વિંગ કમિટિની રચના કરવા માટે ગત કારોબારી સમિતિની મિટિંગમાં ચેમ્બરના હોદ્દેદારોને સત્તા આપવામાં આવી હતી તે મુજબ બિઝનેસ વિમેન વિંગ કમિટિના ચેરપર્સન તરીકે શ્રીમતી અર્ચના ગુપ્તા અને કો-ચેરપર્સન તરીકે શ્રીમતી શિલ્પા ભટ્ટની નિમણૂક કરવામાં આવી છે.

➢ પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બંધારણના નિયમ મુજબ કમિટિના ચેરમેન કારોબારી સમિતિના આપોઆપ આમંત્રિત સભ્ય તરીકે ઉપસ્થિત રહી શકે છે પરંતુ આજની મિટિંગમાં કો-ચેરપર્સન શ્રીમતી શિલ્પા ભટ્ટનો પરિચય માટે ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે.

- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સન તરીકે શ્રીમતી અર્ચના ગુપ્તા અને કો-ચેરપર્સન તરીકે શ્રીમતી શિલ્પા ભટ્ટની નિમણૂકને સર્વાનુમતે મંજુર કરી બહાલી આપી હતી.
- શ્રીમતી અર્ચના ગુપ્તા અને શ્રીમતી શિલ્પા ભટ્ટે સૌ સભ્યોનો આભાર માન્યો હતો.
- પ્રમુખ શ્રી દુર્ગેશ બુચે ચેમ્બરમાં ચીફ ઓપરેટીંગ ઓફીસર (COO)તરીકે શ્રી યોગેન્દ્રભાઇ ત્રિવેદીની નિમણૂકની મંજુરી અંગે સમિતિમાં રજૂઆત કરી હતી.
- શ્રી યોગેન્દ્રભાઇ ત્રિવેદીએ સ્વપરિચય આપ્યો હતો.
- સભામાં સર્વ સભ્યોએ ચીફ ઓપરેટીંગ ઓફીસર તરીકે શ્રી યોગેન્દ્રભાઇ ત્રિવેદીની નિમણૂકને સર્વાનુમતે મંજુર કરી બહાલી આપી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં પ્લાસ્ટીકને લગતા પ્રશ્નો, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા જે ઓર્ડર બહાર પાડવામાં આવ્યો છે તેને લીધે ઘણાં ઉદ્યોગોને અસર થઇ છે તેમાં ખાસ કરીને કેમીકલ ઇન્ડસ્ટ્રી અને ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીને વધુ અસર થવાની છે. એક મંતવ્ય એવું છે કે વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અંગે અસરકારક રજૂઆત કરવામાં આવે, કડક શબ્દોમાં રજૂઆત કરવામાં આવે અને જરૂર પડે જે તે વિભાગો સાથે મિટિંગ અને ચર્ચા-વિચારણા કરી વેપાર-ઉદ્યોગના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. આમ છતાં ઘણી વાર લીગલ એક્શન લેવાની જરૂરિયાત પણ ઉભી થાય છે.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે લીગલ એક્શન લેવા પડે તો ગુજરાત ચેમ્બર ઉપર નાણાકીય ભારણ ના આવે અને નાના એસોસીયેશનોના અને વેપારીઓના પ્રશ્નોનું નિરાકરણ આર્થિક ભારણ વગર કરી શકાય તે માટે લીગલ ફંડ કરવાની વાત સૌ પ્રથમ કારોબારી સમિતિની મિટિંગમાં કરવામાં આવી હતી. મહાજન સૌ માટે છે પરંતુ મહાજનો ન નફો અને ન નુકશાનના ધોરણે કાર્યો કરતાં હોય છે અને તેમના માટે આર્થિક સહયોગ વિકટ પ્રશ્ન છે. આજે કેમીકલ્સ, પર્યાવરણ, એનર્જી વિગેરેને લગતા ઘણાં મોટા પ્રશ્નો છે જેને માટે સુપ્રિમ કોર્ટ સુધી પણ જવું પડે તે સંજોગોમાં ગુજરાત ચેમ્બર બધું જ આર્થિક ભારણ સહન કરી ના શકે અને આપણે ભારણ નાંખવું પણ ના જોઇએ.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કેમીકલ અને વટવા એસોસીયેશન અને અન્ય સભ્યો દ્વારા રૂા.૨૫/- લાખનું લીગલ ભંડોળ કરી આપવામાં આવશે તેમ જણાવ્યુ છે.
- સિનિ. ઉપ-પ્રમુખશ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે લીગલ ફંડની વાત પ્રમુખશ્રીએ સૌ પ્રથમ મિટિંગમાં કરી હતી અને આ સંદર્ભમાં કેમીકલ અને વટવા એસોસીયેશનના સભ્યો દ્વારા રૂા.૪૦/- લાખનું ભંડોળ કરી આપશે તેમ ઉમેર્યું હતું.
- શ્રી યોગેશ પરીખે આ લીગલ ફંડ રૂા.૫૦/- લાખ સુધી કરી આપવામાં આવશે તેમ જણાવી સિંગલ યુઝ પ્લાસ્ટીકના પ્રશ્ન માટે ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચરર્સ એસોસીયેશન પાસેથી પણ ફંડ લેવું જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- શ્રી કિરીટભાઇ શાહે જણાવ્યું હતું કે લીગલ ફંડમાંથી કોઇ પણ ખર્ચ કરતા પહેલાં તેની ટકાવારી નક્કી કરવી જોઇએ જેમાં ગુજરાત ચેમ્બર ઉપરાંત જે તે લાગતા-વળગતાં એસોસીયેશને પણ ફાળો આપવો જોઇએ તેમ જણાવ્યું હતું.

- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે નાના વેપારીઓ અને નાના એસોસીયેશનો પાસેથી આગ્રહ ના રાખતાં મોટા યુનિટો પાસેથી પૈસા લેવા જોઇએ.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ ફંડના ઉપયોગ માટે જરૂરી માળખાની રચના કરવાની પણ તાત્કાલિક જરૂરિયાત છે તો આપ સૌ સભ્યોને વિનંતી છે કે આ માટે ચેમ્બરના વડીલોના સૂચનો ધ્યાને લઇને એક માળખાની રચના કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવામાં આવે તો વિના વિલંબે કાર્ય ઝડપી બની શકે અને વેપાર-ઉદ્યોગના પ્રશ્નોનો અવાજ ઝડપથી રજુ કરી શકાય અને ન્યાય આપી શકાય.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યો દ્વારા ચેમ્બરના લીગલ ફંડના માળખાની રચના કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને સર્વાનુમતે આપી હતી.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ લીગલ ફંડમાં દરેક સભ્યોએ સહયોગ આપવા વિનંતી કરી હતી.
- પ્રમુખશ્રી જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરના ઉપક્રમે તા. ૧૯-૧૧-૨૦૧૯ના રોજ દિવાળી સ્નેહ મીલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દર વર્ષે ચેમ્બર દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે દિવાળી સ્નેહ મીલનનો એક પણ ખર્ચ ગુજરાત ચેમ્બરમાં નાંખવામાં આવ્યો નથી અને હજુ પણ જે બિલો બાકી છે તે માટે ચેમ્બરમાં ખર્ચ નાંખવામાં આવશે નહીં.
- પ્રમુખશ્રીએ આ માટે સાથી હોદ્દેદારોનો આભાર માન્યો હતો. આ ઉપરાંત તેમણે શ્રી પ્રફુલ્લભાઇ તલસાણીયા, ડો. મયુર દેસાઇ, રાજપથ કલબ, યશસ્વી બિલ્ડર્સ, ટી.જી.બી. જૈનિક વકીલ અને શ્રી અસીતભાઇ શાહનો આ સ્નેહ મીલનના કાર્યક્રમમાં સહયોગ બદલ આભાર માન્યો હતો.
- શ્રી ત્રિલોકભાઇએ આ માટે એક લાખ આપવાની જાહેરાત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ ચેમ્બરના હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા.

**<u>આઇટેમ નં. ૫ અને ૬</u>**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરની વિવિધ કમિટિઓના ચેરમેન અને કો-ચેરમેનની નિમણૂક થઇ ગઇ છે અને કમિટિઓની રચના પણ થઇ ગઇ છે અને ઘણી કમિટિઓમાં કાર્યવાહી સારા પ્રમાણમાં ચાલુ થઇ છે અને ઘણી કમિટિઓમાં કામગીરી કરવાની શરુઆત થઇ છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જે તે સમયે કમિટિના ચેરમેનની નિમણૂક કરવામાં આવી ત્યારે તેમના અનુભવ અને જ્ઞાનનો લાભ ચેમ્બરના સભ્યોને મળે તે મુજબ કરવામાં આવી હતી. પરંતુ ખાસ વિનંતી કરવાની કે જે કમિટિના ચેરમેનને સમયની પ્રતિકૂળતા હોય અથવા તો બીજી જવાબદારીઓમાં ચેમ્બરને સમય આપી શકે તેમ ના હોય અથવા તો અંગત સંજોગોને કારણે હાલ પુરતુ અનુકૂળ ના હોય તો તેવા ચેરમેનોને સ્વેચ્છાએ જગ્યા કરી આપવા વિનંતી છે જેથી વેપાર-ઉદ્યોગનું કામ આગળ સરળતાથી ચાલી શકે. આજ વિનંતી તેમણે કો-ઓપ્ટ અને આમંત્રિત સભ્યો માટે પણ કરી હતી.
- શ્રી બિપીનભાઇ શાહે જણાવ્યું હતું કે આ વર્ષે ટ્રેડર્સને મહત્ત્વ આપવાની વાત છે તે વાતને ધ્યાનમાં રાખીને ચેમ્બરની ૬ કમિટિના સંયુક્ત ઉપક્રમે એક મોટો કાર્યક્રમ કરવાનું વિચારણા હેઠળ છે.

- શ્રી ધીરેન્દ્ર દોશીએ જણાવ્યું હતું કે એનર્જી કમિટિ દ્વારા એક ફોર્મેટ તૈયાર કરી દરેક સભ્યોને મોકલવામાં આવશે અને તેમા તેમના પ્રશ્નો મંગાવવામાં આવશે. આ આવેથી એક યાદી તૈયાર કરી આગળ રજૂઆત કરવામાં આવશે.
- તેમણે સિક્યોરીટી ડીપોઝીટ વધારવા અંગે, જી.આર. માં વિવિધ ખામીઓ અંગે રજૂઆત કરી હતી અને એનર્જી કમિટિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિના સભ્યોને જાણ કરી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના માનનીય ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે વેપારીઓ અને ઉદ્યોગકારોના એનર્જીને લગતા કોઇ પ્રશ્નો હોય તો તે અંગે ચર્ચા કરવા અને સરકાર દ્વારા જે પગલાં લેવામાં આવ્યા છે, જે સ્કીમો જાહેર કરવામાં આવી છે તેની માહિતી આપવા ચેમ્બરમાં એક ઓપન હાઉસ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આવી યાદી તૈયાર થયેથી એક ઓપન હાઉસ રાખીશું અને તેની જવાબદારી પ્રમુખશ્રીએ શ્રી ધીરેન દોશીને આપી હતી.
- શ્રી જૈનિક વકીલે ડાયરેક્ટ ટેક્ષ કમિટિના નેજા હેઠળ ચાર મહિનામાં ૬ મેમોરેન્ડમ અને રીપ્રેઝન્ટેશન તૈયાર કરીને મોકલવામાં આવ્યા છે તેવું જણાવ્યું હતું. આ ઉપરાંત આગામી સમયમાં CBDT ના ચેરમેન સાથે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે અને ઇન્કમટેક્ષના પ્રશ્નો અંગે પણ એક ઓપન હાઉસનું આયોજન કરવાનું વિચારણા હેઠળ છે.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે બજેટ પહેલાનું મેમોરેન્ડમ મોકલવાનું તૈયાર કરવામાં આવી રહ્યું છે તો તેમાં દરેક સભ્યોને તેમના સૂચનો મોકલી આપવા વિનંતી કરી હતી.
- શ્રી યોગેશભાઇ પરીખે તાજેતરમાં કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સના ઇમ્પોર્ટ રીસ્ટ્રીક્ટ પર મુકવામાં આવ્યું છે તે પ્રકારનો પરિપત્ર સૌને મોકલવામાં આવ્યો છે, તો આ અંગેનો વાંધો લઇ અસરકારક રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- શ્રી અજય પટેલે MSME કમિટિ અંતર્ગત કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી સમિતિના સભ્યોને આપી હતી.
- શ્રી કૈલાસ ગઢવી એ વેપાર-ઉદ્યોગના જુદા જુદા પ્રશ્નો અંગે માહિતી એકત્રિત કરી તેના નિષ્ણાતોને આમંત્રિત કરી એક રાઉન્ડ ટેબલ ચર્ચાના આયોજનની વાત કરી હતી.
- શ્રી હિમાંશુ વ્યાસે અત્યાર સુધી પાંચ વિદેશી ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે આવ્યા હતા તેની માહિતી આપી હતી અને આગામી સમયમાં યુ.કે. ડેલીગેશન લઇ જવાની ચર્ચાની જાણ કરી હતી.
- વધુમાં તેમણે વિદેશી ડેલીગેશનો સાથે વેપાર-ઉદ્યોગની તકો, આયાત-નિકાસ અંગે જે ચર્ચા કરવામાં આવે છે તેની માહિતી ચેમ્બરના તમામ સભ્યોને મોકલવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ દરેક સભ્યોને અને કમિટિના ચેરમેનને તેમની કમિટિ દ્વારા કરવામાં આવેલ રજૂઆતો, વેપાર-ઉદ્યોગને લગતા આર્ટીકલ કે વેપાર-ઉદ્યોગને લગતી માહિતી તેમની પાસે હોય તો ચેમ્બરના બુલેટીનમાં પબ્લીશ કરવા માટે ૧૫ ડિસેમ્બર સુધીમાં મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી લાખાભાઇ કેશવાલાએ જામનગર રીટેઇલ એસોસીયેશન દ્વારા જીએસટી રીફંડ ના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આ અંગે ચેમ્બરે પણ રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.
- વધુમાં તેમણે મોલાસીસના ઉપયોગ માટે GPCB નું લાયસન્સ લેવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે તે માટે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.

- તેમણે જી.આઇ.ડી.સી. દ્વારા જે પ્લોટ ફાળવવામાં આવ્યા છે તે રદ કરી નવી અરજીઓ મંગાવવામાં આવી છે તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આગામી સમયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ચેમ્બરની વિવિધ કમિટિના ચેરમેનોની મિટિંગના આયોજનની વિચારણા છે તો દરેક કમિટિના ચેરમેનોને સ્ટેટ લેવલના વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની યાદી તૈયાર કરવી અને સેન્ટ્રલ લેવલના પ્રશ્નોમાં કોઇ મદદ લઇ શકાય, કે ભલામણ કરી શકાય તે માટે પ્રશ્નોની સેક્ટર વાઇઝ યાદી ૧૫ ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં તૈયાર કરવા જણાવ્યું હતું.
- શ્રી હિતેન વસંતે ગુજરાતમાં રસ્તાઓ ઉપર ટ્રકોમાં જે ચોરી થાય છે તે અંગે રજૂઆત કરી હતી.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આવી ફરિયાદો લેખિતમાં ચેમ્બરમાં મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી હિરેન ગાંધીએ ફુડ અને ડેરી કમિટિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી આપી હતી.
- શ્રી પથિકભાઇ પટવારીએ ચેમ્બરના સભ્ય રીજનલ ચેમ્બરો દ્વારા સરકારમાં જે પણ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે ત્યારે ગુજરાત ચેમ્બરમાં રીજનલ ચેમ્બરનો જે લેટરહેડ તૈયાર કરવામાં આવ્યો છે તેનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આમ કરવાથી પ્રશ્નોની રજૂઆતમાં ભાર પડશે અને ડુપ્લીકેશન પણ નિવારી શકાશે.
- શ્રી કિરીટભાઇ પટેલે મહાજન સંકલન સમિતિની મિટિંગમાં સભ્યો દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નોની સમિતિમાં રજૂઆત કરી હતી.
- વધુમાં તેમણે ચેમ્બર દ્વારા બે બુલેટીન કરવાની પણ વાત કરી હતી અને કારોબારી સમિતિનો એજન્ડા પેપર બંને સાઇડ પ્રિન્ટ કરવા સૂચન કર્યું હતું. પ્રમુખશ્રીએ સૂચન તાત્કાલિક અમલમાં લાવવા જાહેરાત કરી હતી.
- વધુમાં તેમણે જીએસટી, પોલ્યુશન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રશ્નો માટે ચેમ્બરમાં ઓપન હાઉસ કરવા અને આવું ઓપન હાઉસનું આયોજન દર ત્રણ મહિને કરવાનું સૂચન કર્યું હતું.

<u>આઇટેમ નં.૭</u>

- પ્રમુખશ્રીએ ચેમ્બરના પ્રિમાઇસીસમાં આવેલ AEPC ની ઓફીસ ભાડે આપેલ છે તેનો એગ્રીમેન્ટ રીન્યુ કરવાનો થાય છે તે બાબતે સમિતિમાં રજૂઆત કરી હતી.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે અત્યારે રૂ.૨૬,૨૫૦/- (દર મહિને) રકમથી ભાડે આપેલ છે અને ગયા વર્ષે ૫% વધારા સાથે એગ્રીમેન્ટ રીન્યુ કરવામાં આવ્યો હતો. આ વર્ષે આપણે ૧૫% વધારાની સાથે રીન્યુ કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- આ પ્રકારના એગ્રીમેન્ટ રીન્યુ કરવાની સત્તા ચેમ્બરની એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને છે તો ફાઇનલ જે પણ પ્રત્યુત્તર આવે તેની બધી વિગતો એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને મોકલી આપવામાં આવશે અને તેમની ગાઇડલાઇન મુજબ કાર્ય કરવાની સત્તા સેક્રેટરીયેટને આપવામાં આવે છે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યો દ્વારા આ બાબતને મંજુર કરી એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને મોકલી આપવા સેક્રેટરીયેટને જણાવ્યું હતું.

**આઇટેમ નં. ૮**

- PERU સ્થિત INCHAM સાથે MOU કરવા માટે પ્રમુખશ્રીએ સમિતિ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે આ MOU ની વાત કારોબારી સમિતિમાં કરવાનું કારણ એટલું જ છે કે MOU અંગે આગળ જરૂરી કાર્યવાહી થાય અને ચેમ્બરના સભ્યોને આનો લાભ મળી શકે. વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરમાં અંદાજે ૫૪ જેટલા MOU કરવામાં આવ્યા છે, આ ઉપરાંત વિવિધ સંસ્થાઓ સાથે પણ MOU કરવામાં આવ્યા છે અને મોટાભાગના MOUની મુદત પૂરી થઇ ગઇ છે તો આ MOU ને રીન્યુ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. અન્યથા તે MOU પુરા થયેલા જાહેર કરવામાં આવશે.
- અંતમાં પ્રમુખશ્રીએ ઉપસ્થિત સર્વ સભ્યોને જણાવ્યું હતું કે ચેમ્બરના બંધારણમાં સમયના બદલાવ સાથે નાની નાની વસ્તુઓનો બદલાવ પણ ખુબજ જરૂરી છે. ચેમ્બરની વહીવટી સરળતા માટે પણ બંધારણમાં નાના નાના સુધારા જરૂરી છે. પ્રમુખશ્રીએ દરેક સભ્યોને વિનંતી કરી હતી કે તેઓ આનો અભ્યાસ કરી સૂચિત સુધારા ચેમ્બરને મોકલી આપે.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષરઃ એ

**(તા. ૨૭-૧૧-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી નટુભાઇ પટેલ
૩. શ્રી ભાર્ગવ ઠક્કર
૪. શ્રી દિલીપ પાધ્યા
૫. શ્રી પથિક પટવારી
૬. શ્રી સંજીવ છાજર
૭. શ્રીમતી અર્ચના ગુપ્તા
૮. શ્રી યોગેશ પરીખ
૯. શ્રી રોહિત એન. પટેલ
૧૦. શ્રી અનિલ સંઘવી
૧૧. શ્રી આશિષ ઝવેરી
૧૨. શ્રી પ્રતાપ ચંદન
૧૩. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૧૪. શ્રી કિરીટ શાહ
૧૫. શ્રી કૈલાસ ગઢવી
૧૬. શ્રી કિરીટ પટેલ
૧૭. શ્રી હેમંત શાહ
૧૮. શ્રી આશીષ ગુરુ
૧૯. શ્રી કે. આઇ. પટેલ
૨૦. શ્રી બિપીન એમ. શાહ
૨૧. શ્રી આસીત શાહ
૨૨. શ્રી સૌરિન પરીખ
૨૩. શ્રી ઉદિત દિવેટીયા
૨૪. શ્રી ધિરેન્દ્ર દોશી
૨૫. શ્રી અંબરભાઇ પટેલ
૨૬. શ્રી સોમભાઇ રાયકા
૨૭. શ્રી હિમાંશુ વ્યાસ
૨૮. શ્રી ગૌરાંગ ભગત
૨૯. શ્રી અપૂર્વ શાહ
૩૦. શ્રી લાખાભાઇ કેશવાલા
૩૧. શ્રી બકુલ પંડયા
૩૨. શ્રી અજય ડી. પટેલ
૩૩. શ્રી ધવલ આચાર્ય
૩૪. શ્રી જીગીશ કે. શાહ
૩૫. શ્રી ત્રિલોક આર. પરીખ
૩૬. શ્રી જીજ્ઞેશ કારીયા
૩૭. શ્રી સ્નેહલ લાવસી
૩૮. શ્રી નિલેષ દેસાઇ
૩૯. શ્રી હિરેન ગાંધી
૪૦. શ્રી હિતેન વસંત
૪૧. શ્રી ભાવેશ શાહ
૪૨. શ્રી પ્રદિપ જૈન
૪૩. શ્રી જૈનિક વકીલ
૪૪. શ્રી ગણેશ નાદાર
૪૫. શ્રી દિપક એ. શાહ
૪૬. શ્રી અંકિત પટેલ
૪૭. શ્રી સુરેશ ત્રિવેદી
૪૮. શ્રી કૌશિક ડી. પટેલ
૪૯. શ્રી સૌમિલ પુરોહિત
૫૦. શ્રી જીગીશ દોશી

## એનેક્ષર-બી

મંજુર થયેલા સભ્યોની યાદી

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Rinkoo Processors Ltd. | Manmohan Garg | Ltd-Local |
| 2. | Venus Industries | Umesh Parikh | Reigonal-Firm |
| 3. | Varchasav Energy Pvt Ltd | Chatali Kataria | Pvt.Ltd-Local |
| 4. | Machno Tech Pvt Ltd | Prakash Bhatt | Pvt.Ltd-Local |
| 5. | Parshwanath Life Science | Jignesh Shah | Local-Firm |
| 6. | Dediyasan Industrial Estate Association | Ganpatbhai Patel | Reigonal-Association |
| 7. | Rajeshbhai N. Panchal | Rajeshbhai N. Panchal | Local-Indicidual |

## એનેક્ષર-સી

મંજુર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Federation of Industries & Associations | Prabodh B Patel<br>G.K. Patel | Prakash Varmora<br>Ajit Shah |
| 2. | Harihar Bricks Mfg. Company | Jagdishbhai Prajapati<br>Ronak Prajapati | Jagdishbhai Prajapati<br>Hemal Prajapati |
| 3. | The Gujarat Sales Tax Bar Association | Nitin Thakker<br>Snehal Thakkar | Urvish Patel<br>Snehal Thakkar |
| 4. | Ahmedabad Optical Association | Naresh Chokshi<br>Kalpesh Ajmera | Yogeshbhai Patel<br>Shashikant Pandya |
| 5. | Jet Fibre India Pvt Ltd | Amrut patel<br>Anal Patel | Anal Patel<br>Pravin patel |
| 6. | Jetpur Dyeing & Printing Association | Rajubhai Patel<br>Chetanbhai Jogi | Bhavik Vaishnav<br>Chetanbhai Jogi |
| 7. | Odhav Industries Association | Bakulbhai Pandya<br>Mansukhbhai Kothia | Bakulbhai Pandya<br>Mukeshbhai Vekaria |

| | | | |
|---|---|---|---|
| 8. | Unjha Chamber Of Commerce | Kanubhai Patel<br>Jitendra Jain | Bhanubhai Joshi<br>Aatish Patel |
| 9. | Agrochemicals Mfg. Association of India | Piyush Patel<br>Vinod Bhatt | Vrajmohan Shah<br>Vinod Bhatt |

**મંજુર થયેલ પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Posy Pharmachem Pvt Ltd | Daffodil Pharmachem Pvt Ltd | No |
| 2. | Precision Infratech Ltd. | Precision Infratech Pvt. Ltd. | No |

**મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Daffodil Pharmachem Pvt Ltd | 708, Aakruti Building, Opp.Sardar Patel-Stadium,Navrangpura, Ahmedabad | A-2304, Privilon,23rd Floor, B/H.Iscon Temple, S G Highway,Ahmedabad |
| 2. | Valor Industries | 405, Satyam, Nr. Kameshwar School,Satellite, Ahmedabad | 202, Abhijyot Square, S G Highway, Makarba Road, Ahmedabad |

**આઇટેમ નં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ નવેમ્બર થી ૧૫ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| ગુરુવાર | તા. ૨૮-૧૧-૨૦૧૯ | -- | Uzbekistan (ઉઝબેકીસ્તાન) ડેલીગેશન ગુજરાત ચેમ્બરની મુલાકાતે. |
| શુક્રવાર | તા. ૨૯-૧૧-૨૦૧૯ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Fun Games & Members Meet" કાર્યક્રમનું કરવામાં આવેલ આયોજન. |
| બુધવાર | તા. ૪-૧૨-૨૦૧૯ | સાંજે ૪-૦૦ કલાકે | GCCI અને રબર મેન્યુફેક્ચરર્સ વેલ્ફેર એસોસીયેશનના સંયુક્ત ઉપક્રમે "Rubber and itys use in industry" વિષય ઉપર યોજવામાં આવેલ ટેકનીકલ સેમિનાર. |
| બુધવાર | તા. ૪-૧૨-૨૦૧૯ | સવારે ૧૧-૩૦ કલાકે | ગાંધીનગર ખાતે જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર સાથે કરવામાં આવેલ મિટિંગ. |
| શુક્રવાર | તા. ૬-૧૨-૨૦૧૯ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI યુથવિંગના ઉપક્રમે "Drug Awareness"ઉપર યોજવામાં આવેલ સેમિનાર. |
| શુક્રવાર | તા. ૬-૧૨-૨૦૧૯ | સાંજે ૪-૦૦ કલાકે | Mr. Tae Hyung Lim, Director General of KOTRA ગુજરાત ચેમ્બરની મુલાકાતે. |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

- GCCI ના સભ્ય મે. મેગઝીમ ટયુબ્સ કંપની પ્રા. લી.ની રજૂઆતના અનુસંધાને યુરોપિયન યુનિયનની એન્ટી-ફ્રોડ ઇન્વેસ્ટીગેશન વિંગ (OLAF) દ્વારા ગેરવ્યાજબી ડયુટી ઉઘરાવવા અંગે ભારતના માનનીય એક્સટર્નલ એફેર્સ ના મંત્રી ડો. સુબ્રમણયમ જયશંકરને કરેલ રજૂઆત. (તા. ૨૦-૧૧-૧૯).
- રેપોરેટમાં સતત ઘટાડા છતાં બેન્કો દ્વારા તેમના લેન્ડિંગ રેટમાં ઘટાડો ના કરવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત.(તા. ૨૩-૧૧-૨૦૧૯)
- પત્રમાં જણાવ્યા મુજબ ફેબ્રુઆરીથી ઓક્ટોબર સુધીના સમયગાળામાં રેપોરેટમાં ૧૩૫ બેઝીસ પોઇન્ટનો કુલ ઘટાડો થયો હોવા છતાં બેન્કો દ્વારા તેમના ધિરાણના રેટમાં કોઇ જ ઘટાડો જોવા મળ્યો નથી જેની રજૂઆત આ પત્ર દ્વારા કરવામાં આવી છે અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાને આ અંગેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરવા જણાવ્યું હતું.
- GCCIના સભ્ય MSME મેગઝીન ટયુબ્સ કંપની પ્રા. લી.ની રજૂઆતના અનુસંધાને ગુજરાત ચેમ્બરના દ્વારા નુકશાન થતાં માલના ઓરીજીન અંગે ભારત સરકાર સ્ટીલ મંત્રાલયના અંડર સેક્રેટરીને પાઠવેલ રજૂઆત. (તા. ૨૩-૧૧-૨૦૧૯)
- ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ઇન્સયોરન્સ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (IRDA)રેગ્યુલેશન ૨૦૧૯માં યોગ્ય સુધારાઓ કરી ખાનગી ઇન્સ્યોરન્સ કંપનીઓના ઇન્હાઉસ સર્વેયરની પૂરી પ્રક્રિયાને નાબૂદ કરવા રજૂઆત કરવામાં આવી હતી. આ અનુસંધાને (IRDA) ના ચેરમેનશ્રીને કરેલ રજૂઆત. (તા. ૨૫-૧૧-૨૦૧૯)
- મધ્ય ગુજરાત વેપાર ઉદ્યોગ મંડળ તરફથી મળેલી રજૂઆતના અનુસંધાને રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં બાંધકામ માટે આપવામાં આવતી રજાચીઠ્ઠીઓ ૨૦૧૬ થી આપવામાં આવે છે. આ રજાચીઠ્ઠીઓની મુદતમાં વધારો કરી આગમી ૧૦ વર્ષ સુધી લંબાવવા માટે GCCI દ્વારા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને રજૂઆત પત્ર મોકલવામાં આવ્યો હતો જેથી સ્થગિત થયેલા હાઉસિંગ પ્રોજેક્ટોને સરળતાથી પૂર્ણ કરી શકાશે. (તા. ૨૫-૧૧-૨૦૧૯)

- જી.આઇ.ડી.સી.ના ત્રણ અધિકારીઓ વેપાર-ઉદ્યોગને અવરોધરૂપ થાય તેવી પ્રવૃત્તિઓ કરતાં હોવાથી તેમની તાત્કાલિક ધોરણે બદલી કરવા અંગે અગાઉ કરેલ રજૂઆતને ધ્યાનમાં લઇ તાત્કાલિક ધોરણે જરૂરી સૂચના આપી યોગ્ય કરવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૨૫-૧૦-૨૦૧૯)

- શ્રી હિતેન વસંત દ્વારા મળેલી રજૂઆતના અનુસંધાને મીનીમમ સપોર્ટ પ્રાઇઝ ઉપર થતી ડાંગરની ખરીદી અંગે તાત્કાલિક ધોરણે ખેડૂતોને રાહત થાય તેવા પગલાં જાહેર કરવા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા. ૨૭-૧૧-૨૦૧૯)

- તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૯ના રોજ દિલ્હી ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ કેમીકલ્સ એન્ડ પેટ્રોકેમીકલ્સ દ્વારા એક મિટિંગ યોજવામાં આવી હતી જેમાં કેમીકલ્સ એન્ડ ડાઇઝ ઉદ્યોગમાં વપરાતા મુખ્ય ત્રણ કેમીકલો જેવા કે કોસ્ટીક સોડા વિગેરેને રેસ્ટ્રીકટેડ લીસ્ટમાં મુકવામાં આવ્યા હતા. આ મિટિંગમાં ગુજરાતના વેપાર-ઉદ્યોગની માતૃ સંસ્થા GCCI તેમજ કેમીકલ્સ એન્ડ ડાઇઝ ઉદ્યોગનું મુખ્ય એસોસીયેશન GDMA ને બોલાવી તેમના મંતવ્યો લેવામાં આવ્યા હતા તેથી કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ વિભાગના ડાયરેક્ટરે આ મિટિંગમાં ચર્ચા થયા મુજબનો કોઇ પણ નિર્ણય ના લેવો અને મિટિંગમાં GCCI અને GDMA ને પણ બોલાવી પછી જ નિર્ણય કરવો તે અંગે કરવામાં આવેલ રજૂઆત. (તા. ૨૮-૧૧-૨૦૧૯)

- MSME એકમો દ્વારા સ્થાપિત કરતાં સોલર પાવર પ્રોજેક્ટ અંગે વધારાના પાવરની ખરીદી સમયે લેવામાં આવતા ભાવમાં રૂા.૧.૭૫ પ્રતિ યુનિટનો વધારો કરવા અંગેના GUVNL ના પીટીશનના વિરોધમાં ગુજરાત ચેમ્બર દ્વારા GERC માં કરવામાં આવેલ વાંધા અરજી. (તા. ૨૮-૧૧-૨૦૧૯)

- જી.આઇ.ડી.સી.ના ત્રણ ઓફીસરો વેપાર-ઉદ્યોગના વિકાસના લક્ષ્યની વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરતાં હોવાથી તેમની તાત્કાલિક ધોરણે બદલી કરવા અંગે તાત્કાલિક પગલાંઓ લેવા જી.આઇ.ડી.સી.ના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એમ. થેનારસન, IAS ને પાઠવેલ રજૂઆત. (તા. ૩-૧૨-૨૦૧૯)

- આકારણી વર્ષ ૨૦૧૮-૧૯ માટેની સ્કુટિનીની નોટીસ આવ્યાથી ૧૫ દિવસ પછી પણ પ્રત્યુત્તર ન મળવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત. (૨૧-૧૦-૨૦૧૯)

## ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ

- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શહેરી વિસ્તારોમાં હેલ્મેટ પહેરવા અંગેની જરૂરીયાતમાં છુટછાટ આપવા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને રજૂઆત કરવામાં આવી હતી આ અનુસંધાને તા. ૪-૧૨-૨૦૧૯ના રોજ કેબીનેટ બેઠકમાં શહેરી વિસ્તારમાં હેલ્મેટ પહેરવાની જોગવાઇ મરજીયાત કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

- GCCI દ્વારા લાંબા સમયથી MSME Facilitation Council ની મિટિંગ ન થઇ હોવાની અને રાજ્ય માટે MSME કમિશ્નરની નિમણૂક ન થઇ હોવા અંગેની ચર્ચા MSME કમિટિની મિટિંગમાં થયેલ હતી જેના અનુસંધાને GCCI દ્વારા આ અંગેની રજૂઆત કેન્દ્રના MSME મંત્રાલયને કરવામાં આવી હતી. આ અંગે તા.૧૨-૧૨-૨૦૧૯ના રોજ ગુજરાત સરકારના નોટીફીકેશન થકી રાજ્ય માટે નવા MSME કમિશ્નરની નિમણૂક કરવામાં આવી છે.

## ૨.૪ અન્ય માહિતી

**સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૮<br>૩૯૪૨ | મે-૧૮<br>૩૯૮૧ | જુન-૧૮<br>૩૮૬૩ | જુલાઇ-૧૮<br>૩૫૫૨ | ઓગષ્ટ-૧૮<br>૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૮<br>૩૨૬૬ | ઓક્ટોબર-૧૮<br>૩૬૧૮ |
| એપ્રિલ-૧૯<br>૩૬૫૪ | મે-૧૯<br>૩૮૦૭ | જુન-૧૯<br>૩૩૪૭ | જુલાઇ-૧૯<br>૩૭૯૬ | ઓગષ્ટ-૧૯<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯<br>૩૩૫૮ | ઓક્ટોબર-૧૯<br>૩૪૯૫ |
| નવેમ્બર-૧૮<br>૩૧૫૧ | ડિસેમ્બર-૧૮<br>૩૩૩૫ | જાન્યુઆરી-૧૯<br>૩૮૨૧ | ફેબ્રુઆરી-૧૯<br>૩૬૯૫ | માર્ચ-૧૯<br>૩૯૦૫ | કુલ-૨૦૧૮-૧૯<br>૪૩૯૬૪ | |
| નવેમ્બર-૧૯<br>૩૭૨૯ | ડિસેમ્બર-૧૯ | જાન્યુઆરી-૨૦ | ફેબ્રુઆરી-૨૦ | માર્ચ-૨૦ | કુલ-૨૦૧૯-૨૦<br>૨૩૪૭૬ | |

## આઇટેમ નં. 3 (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

નં. ૧ GCCI ની Secretorial Research & Analysis કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૩-૧૧-૨૦૧૯)

નં. ૨ GCCIની સ્કુટિની કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૫-૧૧-૨૦૧૯)

નં. 3 GCCIની એનર્જી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૬-૧૧-૨૦૧૯)

નં. ૪ GCCIની I.T. & ITES & Logistics કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૭-૧૧-૨૦૧૯)

નં. ૫ GCCIની ADRC કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૩૦-૧૧-૨૦૧૯)

નં. ૬ GCCIની ફુડ અને ડેરી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૦-૧૧-૨૦૧૯)

નં. ૭ GCCIની સ્ટાર્ટ-અપ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૦-૧૧-૨૦૧૯)

નં. ૮ GCCIની એન્વાયર્મેન્ટ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૪-૧૨-૨૦૧૯)

નં. ૯ GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૫-૧૨-૨૦૧૯)

નં. ૧૦ GCCIની ફુડ અને ડેરી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૫-૧૨-૨૦૧૯)

નં. ૧૧ GCCIની ફોરેન ટ્રેડ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિના જાણ કરવા. (તા. ૬-૧૨-૨૦૧૯)

## ૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)

નં. ૧ નવી ઔદ્યોગિક નીતિ માટે સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી ચિરંજીવ પટેલની ઉપસ્થિત. (તા. ૨૫-૧૧-૨૦૧૯)

નં. ૨ કસ્ટમ્સ વિભાગની Watch Dog કમિટિની મળેલ મિટિંગમાં ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી હેમંત શાહની ઉપસ્થિતિ. (તા. ૨૯-૧૧-૨૦૧૯)

નં. ૩ રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની MSMEની એમ્પાવર્ડ કમિટિની મળેલ મિટિંગમાં ગુજરાત ચેમ્બરના સેક્રેટરી જનરલ શ્રી તન્મય મહેતાની ઉપસ્થિતિ. (તા. ૬-૧૨-૨૦૧૯)